## આપઘાતની દુષ્પ્રેરણાના કેસમાં પતિ જામીનમુક્ત

સુરતઃ પત્નીના આપઘાતની દુષ્પ્રેરણાના કેસમાં પતિને સેશન્સ કોર્ટે જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો હતો. આરોપી હેમાંશુ જયસ્વાલ વિરુદ્ધ પાંડેસરા પોલીસ સ્ટેશને પત્નીનાં આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો નોંધાયો હતો. જે કેસમાં મુંબઈ મુલુંડનાં હેમાંશુ જયસ્વાલની પોલીસે ૧૩ નવેમ્બર ૨૦૨૫નાં રોજ ધરપકડ કરી હતી. આ કેસમાં આરોપીએ સેશન્સ કોર્ટમાં વકીલ ગીરીશ રાજગોર અને સૌરવ રાજગોર મારફતે જામીન અરજી રજુ કરી હતી. બચાવ પક્ષે દલીલ કરાઈ હતી કે મૃતક પત્ની ૭ જાન્યુઆરી ૨૦૨૧થી પોતાના પિયરમાં રહેતી હતી અને ત્યાં જ ૧૩ જાન્યુઆરી ૨૦૨૧ ના રોજ આપઘાત કર્યો હતો, જેથી બનાવના નજીકના સમયમાં આરોપી દ્વારા કોઈ ત્રાસ આપવામાં આવ્યો હોવાના આક્ષેપો નથી. આ જામીન અરજીની સુનાવણી બાદ કોર્ટે આરોપીની જામીન અરજી મંજૂર કરી હતી.

# આઠમ-નોમે મંદિરોમાં આસ્થાનો દરિયો

**સમગ્ર** શહેરમાં ભગવાન શ્રી રામની શોભાયાત્રા નીકળી

સુરતઃ સુરતમાં આજે આસ્થા, ભક્તિ અને શક્તિનો ત્રિવેણી સંગમ રચાયો હતો. ચૈત્રી નવરાત્રીના પાવન પર્વની પૂર્ણાહુતિ અને મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામ ના જન્મોત્સવની આજે સુરતભરમાં અભૂતપૂર્વ હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી.

આજે વહેલી સવારથી જ સુરતની પૌરાણિક અને પ્રસિદ્ધ શક્તિપીઠોમાં ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી. મા અંબિકા નિકેતન ના ધામે વહેલી સવારથી જ હજારો ભક્તો માના આશીર્વાદ લેવા ઉમટી પડ્યા હતા. સલાબતપુરા વિસ્તારમાં આવેલું ૨૨૨ વર્ષ જૂનું ઐતિહાસિક ભવાની માતાનું મંદિર આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. વર્ષો જૂની પરંપરા મુજબ અહીં શ્રદ્ધાળુઓએ વિશેષ પૂજા-અર્ચના કરી હતી. અંબાજીરોડ પર આવેલા અંબાજી મંદિરે પણ ભક્તોની ભીડ ઉમટતાં 'જય અંબે'ના નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. પ્રાચીન મંદિરોમાં ભક્તોની અટૂટ શ્રદ્ધા ના દર્શન આજે સુરતની શેરીએ-શેરીએ થયા હતા. બપોરના ટકોરે 'ભય પ્રગટ કૃપાલા'ના ગાન સાથે રામ જન્મોત્સવ ઉજવાયા બાદ શહેરના વિવિધ વિસ્તારોમાં શોભાયાત્રાઓ નું આયોજન થયું હતું. વરાછા, કતારગામ, સરથાણા, અડાજણ, રાંદેર અને પાંડેસરા જેવા વિસ્તારોમાં ભગવાન રામ, માતા સીતા, લક્ષ્મણજી અને હનુમાનજીની મનમોહક મૂર્તિઓ સાથેના રથ નીકળ્યા હતા. શોભાયાત્રામાં આધુનિકતાનો રંગ પણ ભળ્યો હતો. વિશાળ ડીજે સિસ્ટમ પર વગાડતા રામધૂન અને ભક્તિ સંગીતના તાલે હજારો યુવાનો કેસરીયા સાફા પહેરીને ઝૂમી ઉઠ્યા હતા. પ્રત્યેક યાત્રામાં સરેરાશ ૧૦૦૦ થી ૧૫૦૦ જેટલા રામભક્તો જોડાયા હતા. સૌ કોઈ 'જય શ્રી રામ'ના નાદ સાથે યાત્રામાં જોડાયા હતા. વિવિધ સામાજિક સંગઠનો અને ગ્રુપો દ્વારા ઠેર-ઠેર શરબત, છાસ અને પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંવેદનશીલ વિસ્તારોમાં સુરત પોલીસ દ્વારા લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ડ્રોન કેમેરા અને સીસીટીવી દ્વારા દરેક ગતિવિધિ પર નજર રાખવામાં આવી હતી.

### અંબાજી મંદિરે મા ભગવતીને ડોલરનો હાર



સુરતઃ ભાગળ વિસ્તારમાં આવેલા જૂના અંબાજી માતાના દર્શનને આવતા વિદેશ ભક્તો દ્વારા આજે મા ભગવતીને ડોલરનો હાર ચઢાવવામાં આવ્યો હતો. યુએસમાં વસતા એનઆરઆઈ દ્વારા ચૈત્રી નવરાત્રિમાં મા શક્તિને ડોલરનો હાર ભેટરૂપે ચઢાવ્યો હતો. જૂના અંબાજી માતા મંદિરના ગાદીપતિ મહર્ષિ વિપુલ અંબાજી વાળાએ જણાવ્યું હતું કે પૂર્વજોના કથાનુંસર શ્રદ્ધાસહ આરાસુર અંબાજી મા દેવીના યંત્રની પૂજા થાય છે, જે છેલ્લા કેટલાક સમયથી દેશ વિદેશના શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું પવિત્ર તીર્થધામ બન્યું છે.

# આજે રામનવમીની શોભાયાત્રા, સ્ટેશનથી ચોક સુધીનો માર્ગ બંધ

**બપોરે** ૧૨ થી રાત્રે ૧૨ વાગ્યા સુધી ટ્રાફિક ડાયવર્ઝન, સ્ટેશન, દિલ્હી ગેટ અને ભાગળ વિસ્તારમાં વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ

**ફાયર** બ્રિગેડ, એમ્બ્યુલન્સ, પાલિકા-પોલીસનાં વાહનો, જરૂરી સેવાના વાહનોને મુક્તિ

સુરતઃ આગામી તારીખ ૨૭મી માર્ચના રોજ શહેરમાં ઉજવનારા રામનવમીના તહેવાર નિમિત્તે નીકળનારી શોભાયાત્રાને ધ્યાનમાં રાખીને પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલોત દ્વારા ખાસ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ દિવસે શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિકની સમસ્યા ન સર્જાય અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે બપોરે ૧૨:૦૦ થી રાત્રિના ૨૪:૦૦ વાગ્યા સુધી સ્ટેશન, દિલ્હી ગેટ અને ભાગળ વિસ્તારમાં વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આજે 27મીના રોજ મુખ્ય શોભાયાત્રા સુરત રેલવે સ્ટેશનથી શરૂ થઈ દિલ્હી ગેટ, ગલેમંડી ત્રણ રસ્તા, રૂવાળા ટેકરા, ભાગળ થઈને ચોકબજાર તરફ આગળ વધશે. આ સમગ્ર રૂટ પર વાહનોની અવર-જવર બંધ રહેશે. આ પ્રતિબંધમાંથી પોલીસના વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ, મહાનગરપાલિકાના વાહનો તથા અન્ય જીવનજરૂરી સેવાના વાહનોને મુક્તિ આપવામાં આવી છે. રામનવમી નિમિત્તે નિકળનારી શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાશે. જેથી ટ્રાફિક ની સમસ્યા ન સર્જાઈ તે માટે પોલીસ દ્વારા આ રૂટ પર વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

**ભાગળથી દિલ્હી ગેટ જવા માટેઃ** વાહનચાલકો ભાગળ ચાર રસ્તાથી કાસકીવાડ, સૈયદપુરા પમ્પિંગ, રામપુરા ત્રણ રસ્તા થઈ લાલ દરવાજા તરફ જઈ શકશે.

**દિલ્હી ગેટથી ભાગળ જવા માટેઃ** દિલ્હી ગેટ ચાર રસ્તાથી પાણીની ટાંકી, મોટી ટોકીઝ, ઝાંપા બજારથી એર ઈન્ડિયા ચોકડી થઈને જઈ શકાશે.

## કાપોદ્રામાં મિત્રો સાથે નાહવા ગયેલા યુવકનું તાપીમાં ડૂબી જતાં મોત

સુરતઃ કાપોદ્રામાં મિત્રો સાથે નાહવા ગયેલા યુવકનું નદીના પાણીમાં ડૂબી જતા મોત થયું હતું. સોમવારે બપોરે ડૂબેલા યુવકનું ગુરુવારે મૃતદેહ મળી આવ્યો હતો. મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશ ગોરખપુરના વતની બચ્ચુલાલ ભગોની સહાની (26 વર્ષ) હાલ કાપોદ્રાની સ્નેહમુદ્રા સોસાયટીમાં આવેલ હીરાના કારખાનામાં રહેતો હતો અને ત્યાં જ કામ કરી વતનમાં રહેતી પત્ની સહિતના પરિવારનું ભરણપોષણ કરતો હતો. તેના એક વર્ષ પહેલા જ લગ્ન થયા હતા. બચ્ચુલાલ સોમવારે તે ત્રણ મિત્રો સાથે તાપી નદીમાં ન્હાવા માટે ગયો હતો. ત્યારે તે નદીના પાણીમાં ડૂબી ગયો હતો. દરમિયાન આજે સવારે કર્મનાથ મહાદેવ મંદિર પાછળથી મૃતદેહ મળી આવ્યો હતો.

## કાપોદ્રામાં 21 વર્ષીય યુવકે ફાંસો ખાધો

સુરતઃ કાપોદ્રામાં યુવકે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. મૂળ અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના વતની રમેશભાઈ સરવૈયા હાલ કાપોદ્રા વિસ્તારમાં આવેલ શ્રીનાથજી સોસાયટીમાં પરિવાર સાથે રહે છે અને ડાયમંડ હોસ્પિટલમાં સફાઈ કામ કરે છે તેમજ તેના સંતાન પૈકી 21 વર્ષીય આશિષ હીરામાં કામ કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. કાલે બપોરે આશિષે ઘરમાં છતમાં લગાવેલા લોખંડના હુક સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

## જૂના કોસાડમાં આર્થિક સંકડામણમાં રત્નકલાકારનો ફાંસો ખાઈ આપઘાત

સુરતઃ જુના કોસાડમાં આર્થિક સંકડામણમાં રત્નકલાકારે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મળેલી માહિતી મુજબ, મૂળ જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાનો રત્નકલાકાર મુકેશભાઈ ભીમાભાઈ પાનસુરિયા (50 વર્ષ) હાલ જૂના કોસાડ રોડ પર આવેલ શિવનગર સોસાયટીમાં રહેતો હતો. બુધવારે રાત્રે તેણે ઘરમાં પાઈપ સાથે દોરી બાંધીને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. તેણે આર્થિક સંકડામણમાં આપઘાતનું પગલું ભર્યું હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. આ અંગે વધુ તપાસ અમરોલી પોલીસ કરી રહી છે.

## સહકારી બેંકના ચેરમેન સાથે 50 લાખની ઠગાઈમાં બે પકડાયા

**સોશિયલ** મીડિયા પર શેરબજારમાં રોકાણની લિંક આવી, ને ક્લિક કરતા જ ભેરવાયા હતા

સુરત : સુરતની જાણીતી સહકારી બેંકના ચેરમેન સાથે રૂપિયા 50.10 લાખની સાયબર છેતરપિંડી થઈ હોવાની ઘટના સામે આવી હતી. જેમાં સુરત સાયબર ક્રાઈમ પોલીસે ગણતરીના કલાકોમાં રાજકોટના બે શખ્સોની ધરપકડ કરી છે. પકડાયેલા આરોપીમાં એક એકાઉન્ટ હોલ્ડર છે જ્યારે અન્ય એકાઉન્ટની વ્યવસ્થા કરી પૈસા ઉપાડ્યા હોવાની ભૂમિકા ધરાવે છે.

અઠવાલાઈન્સ વિસ્તારમાં રહેતા અને ખટોદરામાં યાર્નનો વેપાર કરતા 50 વર્ષીય આધેડ જેઓ હાલ પિતાએ સ્થાપેલી સહકારી બેંકના ચેરમેન છે. તેઓ ગત 25 નવેમ્બરમાં ઈન્સ્ટાગ્રામ પર રીલ્સ જોતા હતા ત્યારે શેરબજારમાં રોકાણની લિંક પર ક્લિક કરતા જ ભેજાબાજોએ તેમનો સંપર્ક કર્યો હતો. મુંબઈની 'AGI કંપની'ના નામે બે મહિનામાં 1200% નફો કરાવવાની લાલચ આપી VIP ટ્રેડિંગ એકાઉન્ટ ખોલાવ્યું હતું. શરૂઆતમાં વિશ્વાસ જીતવા રૂપિયા 2.10 લાખ વિડ્રો કરવા દીધા હતા. બાદમાં 'યશ હાઈ વોલ્ટેજ લિમિટેડ'ના રૂપિયા 1.10 કરોડના શેર એલોટ થયા હોવાનું કહી, તે રકમ ભરવા દબાણ કર્યું હતું. લોન અપાવવાના બહાને અલગ-અલગ બેંક ખાતામાં કુલ રૂપિયા 50,09,990 જમા કરાવડાવ્યા હતા. જે બાદ ચેરમેનને છેતરાયાનો અહેસાસ થતા તેમણે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ત્વરિત કાર્યવાહી કરી રાજકોટના આશીષ દિપકભાઈ ગોહેલ(ઉ.વ.૩૨, ધંધો-નોકરી રહે. મારૂતીનંદન નગર-૨, સહયોગ હોસ્પિટલની સામે, માવડી મેઈન રોડ, રાજકોટ) અને અને મુકેશભાઈ ભુપતભાઈ મજેઠીયા (ઉ.વ.૩૬ ધંધો-નોકરી રહે. શ્રી શક્તિકૃપા, વિશ્વેશ્વર મંદિરની

બાજુમાં, મવડી મેઈન રોડ,મવડી, રાજકોટ) ને ઝડપી પાડ્યા છે. આ ગુનામાં આશિષના બેંક ખાતામાં ફ્રોડના પૈસા જમા થયા છે. જ્યારે મુકેશ સાયબર ઠગો માટે કમિશન પર બેંક ખાતું અપાવ્યું હતું અને તેમાં જમા થયેલા નાણાં ઉપાડી ઠગો સુધી પહોંચાડ્યા હોવાનું બહાર આવ્યું છે.

**સુરતના હીરા ઉદ્યોગ પર આ નિર્ણયની મોટી અસર જોવા મળશે**

# રીયો ટીન્ટોની આર્ગાઈલ માઈનમાં હીરાનું ખોદકામ કાયમ માટે બંધ

**રીયો** ટીન્ટો દ્વારા હીરાના વ્યવસાયમાંથી વિદાય લેવી એ વૈશ્વિક રફ ડાયમંડ માર્કેટ માટે એક યુગનો અંત

**સુરતના** હીરા ઉદ્યોગ માટે ટ્રેન્ડ સેટર એક યુગનો અંત, છેલ્લી ખાણમાંથી છેલ્લો હીરો કાઢવામાં આવ્યો

સુરતઃ વિશ્વની અગ્રણી માઈનિંગ કંપની રીયો ટીન્ટોએ સત્તાવાર રીતે તેના હીરાના વ્યવસાયને આટોપી લીધો છે. ઓસ્ટ્રેલિયામાં રીયો ટીન્ટોની આર્ગાઈલ ડાયમંડ માઈનમાં હીરાનું ખોદકામ કાયમ માટે બંધ કરવામાં આવી છે. રીયો ટીન્ટો દ્વારા હીરાના વ્યવસાયમાંથી વિદાય લેવી એ વૈશ્વિક રફ ડાયમંડ માર્કેટ માટે એક યુગનો અંત આવ્યો છે. ઉચ્ચ ક્વિલોલિટીના રફ સપ્લાય સુરતના હીરા ઉદ્યોગ માટે ટ્રેન્ડ સેટર એક યુગનો અંત આવ્યો છે. કંપનીની અંતિમ ખાણમાંથી છેલ્લો હીરો કાઢવામાં આવ્યો છે.

સુરતના હીરા ઉધોગ પર આ નિર્ણયની મોટી અસર જોવા મળશે. કારણ કે, રીયો ટીન્ટો ભારત, ખાસ કરીને સુરતના હીરા ઉદ્યોગ માટે રફ ડાયમંડનો મોટો સપ્લાયર હતો. તેમની વિદાયથી નાના કદના હીરાના સપ્લાયમાં ઘટાડો જોવા મળી શકે છે. રીયો ટીન્ટોએ હવે રફ ડાયમંડ્સના ઉત્પાદન અને વેચાણમાંથી સંપૂર્ણ એક્ઝિટ લીધી છે.

### શું સુરત અને મુંબઈના હીરા બજારમાં રફ પિંક ડાયમંડની અછત સર્જાશે?

રિયો ટિન્ટો દ્વારા આર્ગાઈલ માઇન બંધ કરવા અને હીરાનો વેપાર સમેટી લેવાથી શું સુરત અને મુંબઈના હીરા બજારમાં રફ પિંક ડાયમંડની અછત સર્જાશે? એ ચર્ચા એ જોર પકડ્યું છે. જાણકારો કહે છે કે, આ નિર્ણયથી પિંક ડાયમંડની શોર્ટેજ ઊભી થશે. આર્ગાઈલ માઇન બંધ થવાથી દુર્લભ ગુલાબી હીરાની સપ્લાય કાયમ માટે બંધ થઈ ગઈ છે, જેના કારણે હાલમાં બજારમાં રહેલા ગુલાબી હીરાની કિંમતોમાં જંગી ઉછાળો પણ આવ્યો છે.

### ડાયમંડ બિઝનેસના કેટલાક મહત્વના આંકડા

■ મુખ્ય ખાણનું નામ આર્ગાઈલ ડાયમંડ માઇન ■ સ્થાન પૂર્વ કિમ્બર્લી, પશ્ચિમ ઓસ્ટ્રેલિયા ■ ઓપરેશનનો સમયગાળો 1983 થી 2020 (મુખ્ય ઉત્પાદન), 2026 માં સંપૂર્ણ વ્યવસાય બંધ કરાયો. ■ વિશેષતાઃ વિશ્વના 90% થી વધુ ગુલાબી (Pink Diamonds) હીરાનું ઉત્પાદન એ ખાણમાંથી થતું હતું. ■ કુલ ઉત્પાદન આશરે 865 મિલિયન કેરેટ રફ ડાયમંડ, અન્ય પ્રોજેક્ટ્સ ડાયવિક (Diavik) માઇન, કેનેડા (જેમાં હિસ્સો વેચી દેવામાં આવ્યો)

# મનપા વેરા વસૂલાતના લક્ષ્યાંકને પૂરો કરવામાં હાંફી

**'SIR'** અને વહીવટી ફેરફારોના કારણે લક્ષ્યાંકથી 800 કરોડ પાછળ

સુરતઃ દેશભરમાં સ્વચ્છતા સહિતના ક્ષેત્રોમાં ડંકો વગાડનાર સુરત મહાનગરપાલિકા ચાલુ વર્ષે વેરા વસૂલાતના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવામાં હાંફી રહી છે. ચાલુ નાણાકીય વર્ષમાં કુલ રૂ.2559 કરોડના ટાર્ગેટ સામે અત્યાર સુધી માંડ રૂ.1650 કરોડની વસૂલાત થઈ શકી છે, જે ગત વર્ષના 72% ની સરખામણીએ આ વર્ષે માત્ર 64% જેટલી જ છે. આ નબળા પ્રદર્શન પાછળ મુખ્યત્વે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનની કામગીરી જવાબદાર હોવાનું મનાઈ રહ્યું છે. નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી આકારણી વિભાગના તમામ અધિકારીઓ અને કર્મચારીઓને આ કામગીરીમાં જોતરી દેવામાં આવતા વેરા વસૂલાતની પ્રક્રિયા લગભગ સ્થગિત થઈ ગઈ હતી. પરિણામે, સમયસર નોટિસ બજવણી અને રિકવરી ન થતાં મનપાની તિજોરીને અંદાજે 800 કરોડનું મોટું નુકસાન વેઠવાનો વારો આવી શકે છે. માર્ચ મહિનામાં સીલિંગની ઝુંબેશ તેજ કરવામાં આવી હોવા છતાં ધાર્યા પરિણામો મળ્યા નથી,

### ક્લાર્કની સામૂહિક બદલી, વસતી ગણતરીની બેવડી અસર

વેરા વસૂલાતની કામગીરીમાં અવરોધરૂપ બનેલા અન્ય પરિબળોમાં 400 ક્લાર્કની સામૂહિક બદલીનો પણ સમાવેશ થાય છે. હાઇડ્રોલિક જેવા અલગ વિભાગોમાંથી આવેલા નવા ક્લાર્કને આકારણી વિભાગની ભૌગોલિક અને ટેકનિકલ સ્થિતિ સમજવામાં જ ઘણો સમય વેડફાઈ ગયો, જેની સીધી અસર વસૂલાત પર પડી છે. વધુમાં વસતી ગણતરીના ઓર્ડર છૂટતા કર્મચારીઓએ ફરી ડોર-ટુ-ડોર સરવેમાં જોડાવું પડશે, જેના કારણે એપ્રિલ મહિનાની એડવાન્સ ટેક્સ વસૂલાત પર પણ જોખમ તોળાઈ રહ્યું છે.

## ઘોડદોડ રોડના બંગલામાંથી ચોરી કરનાર મોડેલ ગેંગ ઝડપાઈ

**બંધ** બંગલામાંથી રૂ. 1.69 લાખની ચોરી કરી હતી, આરોપી રોહિત વિરુદ્ધ શહેરમાં 25 વધુ ગુના, બે વાર પાસ હેઠળ પણ કાર્યવાહી

સુરતઃ ઘોડદોડ રોડના બંધ બંગલાને નિશાન બનાવી ચોરી કરનાર રીઢા તસ્કરોને સુરત ક્રાઈમ બ્રાન્ચે લાલ દરવાજા વિસ્તારમાંથી દબોચી લીધા છે. પકડાયેલા આરોપીઓ પાસેથી ચાંદીના દાગીના અને ગુનામાં વપરાયેલી મોપેડ સહિત કુલ ૧.૬૯ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પકડાયેલા રોહિત મોડેલ વિરુદ્ધ અગાઉ શહેરમાં 25 વધુ ગુનાઓ નોંધાયા છે અને બે વાર પાસ હેઠળ પણ કાર્યવાહી થઈ છે.

ગત તા. ૨૨/૦૩/૨૦૨૬ ના રોજ ઉમરા પોલીસની હદમાં આવેલા સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ પાછળની સુભાષ નગર સોસાયટીમાં બંગલા નંબર ૫૧ ના મુખ્ય દરવાજાનું તાળું તોડી તસ્કરો ત્રાટક્યા હતા. સીસીટીવી ફૂટેજમાં ત્રણ અજાણ્યા ઈસમો કેદ થયા હતા, જેઓ ચાંદીની વસ્તુઓ અને રોકડ મળી કુલ ૧,૭૪,૦૦૦ ની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયા હતા. દરમિયાન બાતમી મળી હતી કે આ ચોરી કુખ્યાત અને રીઢા ચોર રોહિત ઉર્ફે મોડેલ દેવીપુજકે તેના સાગરીતો સાથે કરી છે. જેના આધારે પોલીસે લાલ દરવાજા વિસ્તારમાંથી રોહિત ઉર્ફે મોડેલ અશોક દેવીપુજક (ઉં.વ.૨૫, રહે., દિલ્હી ગેટ બ્રિજ નીચે) અને કરણ ઉર્ફે કાળીયો વિનુભાઈ દેવીપુજક (ઉં.વ.૨૦, રહે., દિલ્હી ગેટ બ્રિજ નીચે) ને ઝડપી પાડ્યા હતા.

આરોપીઓની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, તેઓએ તેમના અન્ય સાગરીત સંજુ ઉર્ફે કાલિયા સાથે મળીને મોપેડ પર રેકી કરી હતી. જે બંગલો બંધ દેખાય તેને ટાર્ગેટ કરી મોડી રાત્રે સળિયા વડે દરવાજો તોડી અંદર પ્રવેશતા હતા. પોલીસે આરોપીઓ પાસેથી ચાંદીની ટ્રે, પાયલ, કડા, હાર, સિક્કા અને મોપેડ સહિત કુલ ૧,૬૯,૨૨૬ નો મુદ્દામાલ રિકવર કર્યો છે. ઝડપાયેલો મુખ્ય આરોપી રોહિત ઉર્ફે મોડેલ રીઢો ગુનેગાર છે.

તેની સામે અગાઉ ઉમરા, અડાજણ, રાંદેર, પાલ, વેસુ અને પાટણના અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં ચોરી અને પ્રોહિબિશનના ૨૫થી વધુ ગુના નોંધાઈ ચૂક્યા છે. એટલું જ નહીં, તેની સામે અગાઉ બે વાર પાસા (PASA) હેઠળ પણ કાર્યવાહી કરવામાં આવી હતી.

## 'રૂપિયા કે માલ નહીં મળે, તમારાથી થાય તે કરી લો'

સુરતઃ વરાછા વિસ્તારમાં સેન્ટ્રલ બજારમાં ઓફિસ ધરાવતા એક કાપડના વેપારી પાસેથી લાખોનો માલ ઉધાર મેળવી, તેનું પેમેન્ટ ન ચૂકવી વિશ્વાસઘાત કરનાર બે શખ્સો અને એક દલાલ વિરુદ્ધ અશ્વિનીકુમાર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

અમરોલીના છાપરાભાંઠા રોડ પર રહેતા મનીષભાઈ ભાવેશભાઈ રામોલીયા વરાછા સેન્ટ્રલ બજારમાં 'ગોલ્ડન ફેબ' નામે ગ્રે કાપડનો વ્યવસાય કરે છે. ગત ડિસેમ્બર-૨૦૨૪માં કાપડ દલાલ જ્ઞાનેશ્વર ઉર્ફે માસ્ટર ડી.એમ.ડી.એ તેમની મુલાકાત મોહિતકુમાર ઓમપ્રકાશ દિવાકર (રહે., અંબિકા હાઈટ્સ, ગોડાદરા) અને કૈલાસચંદ વૈષ્ણવ (રહે., માનસરોવર, ગોડાદરા) સાથે કરાવી ૧૦,૧૬,૭૨૭ ના ગ્રે કાપડનો ઓર્ડર આપ્યો હતો. મુદત પૂરી થયા બાદ વારંવારના વાયદાઓથી કંટાળી મનીષભાઈ જ્યારે આરોપીઓની ઓફિસે રૂબરૂ પહોંચ્યા, ત્યારે આરોપીઓએ અસલી મિજાજ બતાવતા જણાવ્યું હતું કે, 'તમને તમારા રૂપિયા કે માલ કંઈ જ નહીં મળે, તમારાથી થાય તે કરી લો.' આ અંગે વેપારીએ પોલીસમાં અરજી આપી હતી. જે સંદર્ભે અશ્વિનીકુમાર પોલીસે તપાસ શરૂ કરી છે.

### મેરી ઝોપડી કે દ્વાર આજ ખૂલ જાયેંગે, રામ આયેંગે



■ સુરતના સૌથી જૂના પૈકીના એક ભટારના રામમંદિરમાં રામમંદિરના દિવસે શ્રદ્ધાળુંએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. (તસવીર : સતીષ જાદવ)

# આવક માટે મનપામાં પ્રથમ વખત 'નોન-ટેક્સ રેવન્યુ સેલ'ની રચના

સુરતઃ સુરત મહાનગરપાલિકાની તિજોરી છલકાવવા માટે કમિશનર એમ. નાગરાજને હવે પરંપરાગત ટેક્સ સિવાયના આવકના સ્ત્રોતો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ચાલુ નાણાકીય વર્ષમાં એસઆઈઆર કામગીરીમાં સ્ટાફની વ્યસ્તતાને કારણે મિલકત વેરાની વસૂલાત પર વિપરીત અસર પડવાની શક્યતા છે, જેને જોતા મનપાના ઈતિહાસમાં પ્રથમવાર 'નોન-ટેક્સ રેવન્યુ સેલ' કાર્યરત કરવાનો નિર્ણય લેવાયો છે.

આ નવીનતમ પહેલના ભાગરૂપે ડેપ્યુટી કમિશનર સ્વાતિ દેસાઈને 'નોન-ટેક્સ રેવન્યુ સેલ' સેલના ડિવિઝનલ હેડ તરીકેની મહત્ત્વની જવાબદારી સોંપવામાં આવી છે. આ સેલ દ્વારા હોર્ડિંગ્સ, જાહેરાતોની આવક, પે-એન્ડ-પાર્ક સુવિધા તેમજ પેઈડ એફ.એસ.આઈ. જેવા બિન-કર આવકના સાધનોને વધુ કાર્યક્ષમ બનાવી આવક કઈ રીતે વધારી શકાય તે અંગે ચોક્કસ ગાઈડલાઈન તૈયાર કરવામાં આવશે. ટેક્સેશન વિભાગની જેમ જ આ સેન્ટ્રલાઈઝ્ડ સેલ હવે દરેક ઝોન અને વિવિધ વિભાગોની કામગીરી પર સીધી દેખરેખ રાખશે.

## ૧૦૦ કરોડના સાયબર ફ્રોડ માસ્ટર માઈન્ડના હાઈકોર્ટમાં જામીન મંજૂર

સુરતઃ વર્ષ 2024નામાં એસઓજીએ ૧૦૦ કરોડથી વધુના આ ચકચારિત કૌભાંડમાં મુખ્ય સૂત્રધાર સોનીફળિયા સિંધીવાડ ખાતે સફીયા મંઝીલમાં રહેતા મકબુલ અબ્દુલ રહેમાન ડોક્ટર અને તેના દિકરા કાસીફ મકબુલ ડોક્ટર સહિતના આરોપીની ધરપકડ કરી હતી. લોકોને લાલચ આપી તેઓની પાસેથી સાયબર ફ્રોડ કરીને કરોડો રૂપિયા ઉસેટી આ નાણાં વિદેશમાં યુએસડીટી મારફતે ટ્રાન્સફર કરાવ્યા હોવાનું પણ સામે આવ્યું હતું. આ કેસમાં લાંબા સમયથી જેલમાં બંધ મકબુલ ડોક્ટરે જામીન ઉપર મુક્ત થવા વકીલ ઝફર બેલાવાલા મારફતે હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી.

બચાવ પક્ષે દલીલો થઈ હતી કે, આ કેસમાં તપાસ પૂર્ણ થઈ ચૂકી છે અને ચાર્જશીટ પણ દાખલ થઈ ગઈ છે. આ કેસમાં ૮૩ વિટનેસ છે. ટ્રાયલ લાંબી ચાલશે. આ ગુનામાં સંડોવાયેલા અન્ય સહ-આરોપીઓને સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટ દ્વારા જામીન આપવામાં આવ્યા હોવાથી સમાનતાના ધોરણે આરોપીને પણ જામીન આપવા રજૂઆત કરી હતી. હાઈકોર્ટે બચાવ પક્ષની દલીલો ધ્યાને લઈ શરતો આધીન આરોપી મકબુલ ડોક્ટરના જામીન મંજૂર કર્યા હતા.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ ટચૂકડી મંગળવાર, શુક્રવાર, રવિવાર હવે શબ્દ દીઠ ₹૯ ઓછામાં ઓછા ૧૨ શબ્દો +(GST) : જાહેરખબર આપવા માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

નોકરી વિષયક

**બેંકિંગ ક્ષેત્રમાં**
ટેલિકોલીંગ માટે હિન્દી અને ગુજરાતી 20 Female તાત્કાલિક જોઈએ છે પગાર ધોરણ 10000 થી 20000 સુધી. 08976373893/ 09998435614 (પાર્ટટાઈમ નથી/ વર્ક ફ્રોમ હોમ નથી)

**ઓફિસ, બેંક**
અને બહારના કામ માટે છોકરાઓ જોઈએ છે 12 પાસ ડિપ્લોમા તથા કોમ્પ્યુટરનું જ્ઞાન જરૂરી આકર્ષક પગાર સાથે સંપર્ક 9726222200

**જોઈએ છે**
9:30 થી 6 વાગ્યા સુધી, ઘરના છૂટક કામ માટે લેડીઝ, ઘોડદોડ રોડ, રામચોક વિસ્તારમાં, પગાર- 13000/- Mobile- 9998103035

FOR Sell 70,000/- ના માસિક ભાડામાં કોર્પોરેટ કંપનીને ૯ થી ૧૨ વર્ષની લોંગ લીઝ પર આપેલ ઓફિસ પાર્લે પોઈન્ટ મેઈન રોડ પર Dhaval Cyclewala 98980 24032

**જોઈએ છે**
સ્કૂલબસ માટે ડ્રાઈવર- 4, કંડકટર- 3. ધન્વંતરિ કેમ્પસ- કિમ 9924204829- 9924204827

**જોઈએ છે**
ડાઈંગ હાઉસના અનુભવી કોમ્પ્યુટર જાણકાર ટાઈમ કીપર, મળોઃ સંજયભાઈ MO: 9904805539, ક્રિષ્ના આર્ટ સિલ્ક ક્લોથસ પ્રા.લિ, 261- A, જી.આઈ. ડી.સી, પાંડેસરા, સુરત,

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
૫૨ વર્ષમાં પ્રવેશ રેલ્વે 2x2 દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, ગંગોત્રી, હરિદ્વાર, તારીખ- 21/4, 3/5, 26/05, દિવસ- 15. (2) અધિક માસમાં હરિદ્વાર, તારીખ- 22/5, દિવસ- 7. (રેલ્વે બુકીંગ 60 દિવસ પહેલા થાય છે) દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો- દિપકભાઈ બોડીવાલા, યોગી કોમ્પ્લેક્ષ, મહેન્દ્ર કેરીવાલાની બાજુમાં, ન્યુ રાંદેરરોડ, સુરત.: 9825144143, 9898700934, 9712882315

**સાગર 9427113317**
એસી બસમાં 3501/- દ્વારકા, સોમનાથ, સારંગપુર, 2- એપ્રિલ,

**ઓમશિવ ટ્રાવેલ્સ**
29- એપ્રિલ, તિરૂપતિ બાલાજી, સાત જ્યોતિલીંગ, કન્યાકુમારી, મૈસુર. દર બુધવારે, દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા, દર ગુરૂવારે ઉજ્જૈન, ઓમકારેશ્વર, શિહોર, અધિક માસમાં હરિદ્વાર, ગોકુલ, મથૂરા, વૃંદાવન, બરસાણા. 12- મે ચારધામ. 9- એપ્રિલ, અષ્ટવિનાયક, પાંચ જ્યોતિલીંગ. ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

**જમીન વેચવાની છે**
1. સોલાર લાયક 66 KV નજીક 15.5 વિઘા જુની શરત નહેરની બાજુમાં અને ખેતી માટે ઉત્તમ તક
2. મહુવા, 55 ગુંઠા, કેસર કલમ, રોડ ટચ, જુની શરત
3. મહુવા 3.5 વિઘા ફાર્મ હાઉસ, રોડ ટચ, કેસર કલમ, જુની શરત, બોર, નહેરનું પાણી
9725710000

**હિમાલયા હોલીડેઝ**
(1) અમરનાથ યાત્રા 1 જુલાઈ Rs: 9999/= (2) અમરનાથ સાથે કાશ્મીર, ગુલમર્ગ, સોનમર્ગ Rs: 20999/= Mo 9825142005/ 9427803273 (902)

મિલ્કત લે-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

વ્યવસાયીક ધંધાકીય

**વુલન સ્વેટરો,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**ઘરબેઠા TV, LCD,**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામીની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**ફીઝીકલ શેર સર્ટીફીકેટ**
વારસદારનાં નામે ટ્રાન્સફર તથા ખોવાયેલ ડુપ્લીકેટ મેળવવા ડીમેટ કરાવવા 9327312210

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

વ્યવસાયીક આરોગ્ય વિષયક

**મોતીયાનું ઓપરેશન**
ટાંકાવગર માત્ર 8400માં દવાવાળા આઈકેર હોસ્પિટલ પાલનપુર જકાતનાકા, 9898133189

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો M. 9879663828 ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.